# 55

અમદાવાદ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા

*૧૫/૪/૨૩૮૩ શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા(જમાલપુર-ખાડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા ઉપલબ્ધ છે અને કેટલી શાળાઓમાં ઉપલબ્ધ નથી, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કુલ ૪૬૬ સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે: |

| તાલુકો | કુલ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા (ધો. ૧ થી ૮ સુધીની) | કોમ્પ્યુટર લેબ ઉપલબ્ધ છે તેવી શાળાઓની સંખ્યા | કોમ્પ્યુટર લેબ ઇન્સ્ટોલેશન પ્રગતિમાં છે તેવી શાળાઓની સંખ્યા | કોમ્પ્યુટર લેબ ફાળવવાની બાકી હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| બાવળા | ૫૬ | ૩૨ | ૧૬ | ૮ |
| દસ્ક્રોઇ | ૧૦૩ | ૪૮ | ૪૬ | ૯ |
| દેત્રોજ-રામપુરા | ૫૦ | ૧૧ | ૧૮ | ૨૧ |
| ધંધુકા | ૪૧ | ૧૨ | ૧૯ | ૧૦ |
| ધોલેરા | ૩૬ | ૮ | ૧૩ | ૧૫ |
| ધોળકા | ૮૩ | ૨૮ | ૪૩ | ૧૨ |
| માંડલ | ૩૯ | ૧૨ | ૧૩ | ૧૪ |
| સાણંદ | ૯૭ | ૫૦ | ૩૭ | ૧૦ |
| વિરમગામ | ૭૭ | ૨૫ | ૩૫ | ૧૭ |
| કુલ | ૫૮૨ | ૨૨૬ | ૨૪૦ | ૧૧૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ઉપલબ્ધ કોમ્પ્યુટર લેબ પૈકી કેટલી લેબ કાર્યરત છે અને કેટલી લેબ બંધ હાલતમાં છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ઉપલબ્ધ ૨૨૬ શાળાઓમાં કોમ્પ્યુટર લેબ કાર્યરત છે અને ૨૪૦ શાળાઓમાં કોમ્પ્યુટર લેબનું ઇન્સ્ટોલેશન પ્રગતિમાં છે. |
| (૩) ઉક્ત લેબ બંધ હોવાના શાં કારણો છે અને આવી કોમ્પ્યુટર લેબ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ? | (૩) ઉકત ૨૪૦ શાળાઓમાં કોમ્પ્યુટર લેબ વિક્સાવવા માટે તાજેતરમાં જ વર્કઓર્ડર આપવામાં આવેલ હોઇ ઇન્સ્ટોલેશન પ્રગતિમાં છે. |